MCX

મેટલ અને એનર્જી

વિશ્વાસ સાથે વેપાર

**એમસીએક્સ ડેઈલી રિપોર્ટ...**

# એમસીએક્સ પર પ્રથમ સત્રમાં રૂ.૧૪,૯૪૫ કરોડનું ટર્નઓવર: સોનામાં ૨૯,૩૧૨ કિલો અને ચાંદીમાં ૬૬૮ ટનથી વધુ વોલ્યુમ

## સોનાના વાયદાના ભાવોમાં મિશ્ર વધઘટ: ચાંદીમાં ચાલુ ઘટાડો: બિનલોહ ધાતુઓમાં એકંદરે સુધારો

મુંબઈ, તા.૨૮

વીતેલા દિને એમસીએક્સ પર ૬,૯૨,૪૨૫ સોદામાં રૂ.૪૭,૭૪૨.૨૦ કરોડના વેપાર નોંધાયા હતા, જેમાં સોના-ચાંદીનો હિસ્સો રૂ.૨૬,૧૦૧.૨૯ કરોડનો હતો. સોનામાં રૂ.૧૭,૬૮૧.૪૧ કરોડ અને ચાંદીમાં રૂ.૮,૪૧૯.૮૮ કરોડનાં કામ થયાં હતાં. ક્રૂડ તેલમાં રૂ.૮,૪૪૬.૧૪ કરોડનાં ૨,૩૧,૧૬,૦૦૦ બેરલ્સનો ધંધો થયો હતો.

બુધવારે સાંજે પાંચ વાગ્યા સુધીના પ્રથમ સત્રમાં એમસીએક્સ પર ૨,૩૮,૭૫૨ સોદામાં કુલ રૂ.૧૪,૯૪૫.૭૩ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું, જેમાં સોના-ચાંદીનાં કામકાજનો હિસ્સો રૂ.૭,૧૦૯.૭૫ કરોડનો હતો. કિંમતી ધાતુઓમાં સોનાના (ગિની સહિતના) વાયદાઓમાં ૪૮,૫૬૭ સોદામાં રૂ.૫,૨૧૧.૨૭ કરોડનાં ૨૯,૩૧૨ કિલો અને ચાંદીમાં ૩૨,૪૧૭ સોદામાં રૂ.૧,૮૯૮.૪૮ કરોડની કિંમતની ૬૬૮.૫૨૦ ટન ચાંદીનાં કામકાજ થયાં હતાં. ઓપન ઈન્ટરેસ્ટ સોનામાં ૩૨,૫૯૯ કિલો અને ચાંદીમાં ૯૦૧.૧૩૦ ટનના સ્તરે રહ્યો હતો. સોનાના વાયદાઓમાં મિશ્ર વધઘટ ભાવમાં રહી હતી. સોનાનો ઓગસ્ટ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૧ વધી રૂ.૧૭,૭૬૫ બંધ રહ્યો હતો, જ્યારે ઓક્ટોબર રૂ.૧, ડિસેમ્બર રૂ.૫ અને ફેબ્રુઆરી-૧૧નો વાયદો રૂ.૧૬ ઘટી બંધમાં અનુક્રમે રૂ.૧૭,૮૬૪, રૂ.૧૭,૯૪૩ અને રૂ.૧૭,૯૯૬ રહ્યા હતા. સોનાના મિની વાયદાઓમાં ઓગસ્ટ વાયદો રૂ.૨ ઘટી રૂ.૧૭,૭૭૫ થયો હતો. આ સામે મિની સપ્ટેમ્બર વાયદો રૂ.૧૩ વધી રૂ.૧૭,૮૪૪ અને ઓક્ટોબર રૂ.૩ વધી રૂ.૧૭,૮૮૨ બંધ રહ્યા હતા. ગિનીના વાયદાઓમાં ૮ ગ્રામદીઠ જુલાઈ વાયદો રૂ.૨૪ ઘટી રૂ.૧૪,૧૯૦ અને ઓગસ્ટ વાયદો રૂ.૧૬ ઘટી રૂ.૧૪,૩૬૬ના ભાવ બંધમાં રહ્યા હતા, જ્યારે સપ્ટેમ્બર વાયદો રૂ.૫ના સુધારા સાથે બંધમાં રૂ.૧૪,૪૩૯ રહ્યો હતો. ચાંદીના વાયદાઓમાં ભાવમાં ઘટાડો આગળ વધ્યો હતો અને કિલોદીઠ રૂ.૫૪થી રૂ.૨૧૫ની રેન્જમાં ભાવ વધુ ઘટ્યા હતા. સોનાનો સપ્ટેમ્બર વાયદો રૂ.૮૪ ઘટી રૂ.૨૮,૩૭૪ બંધ રહ્યો હતો. ડિસેમ્બર વાયદો રૂ.૮૬ અને માર્ચ-૧૧નો વાયદો રૂ.૬૯ ઘટી આવ્યા હતા. મે-૧૧નો વાયદો સૌથી વધુ રૂ.૨૧૫ના ભાવઘટાડે બંધમાં રૂ.૨૮,૭૯૩ રહ્યો હતો. ચાંદીના મિની વાયદાઓમાં ઓગસ્ટ રૂ.૮૯, નવેમ્બર રૂ.૯૦, માર્ચ-૧૧નો વાયદો સૌથી ઓછો રૂ.૫૪ અને એપ્રિલ-૧૧નો વાયદો રૂ.૬૨ ઘટીને બંધ રહ્યા હતા.

બિનલોહ ધાતુઓમાં નિકલ સિવાયની તમામ ધાતુઓમાં સુધારો ભાવમાં રહ્યો હતો. તાંબાના વાયદાઓ કિલોદીઠ રૂ.૩.૨૦થી રૂ.૩.૩૦, એલ્યુમિનિયમના વાયદા ૫૦થી ૬૦ પૈસા, સીસાના મિની સહિતના વાયદા ૪૫થી ૮૫ પૈસા અને જસતના મિની સહિતના વાયદા રૂ.૧.૨૦થી રૂ.૧.૫૦ની રેન્જમાં વધ્યા હતા. માત્ર નિકલના ત્રણેય વાયદાઓ રૂ.૧.૬૦થી રૂ.૩ નરમ બંધ થયા હતા.તાંબામાં રૂ.૨,૬૭૬.૬૬ કરોડનાં ૮૦,૧૨૨ ટન, નિકલમાં રૂ.૯૫૬.૭૭ કરોડનાં ૯,૯૩૦.૫ ટન, એલ્યુમિનિયમમાં રૂ.૧૯૨.૯૪ કરોડનાં ૨૦,૦૬૫ ટન, સીસામાં રૂ.૪૬૭.૫૩ કરોડનાં ૫૦,૬૫૦ ટન, સીસું-મિનીમાં રૂ.૫૨.૮૧ કરોડનાં ૫,૭૨૦ ટન, જસતમાં રૂ.૮૧૭.૯૧ કરોડનાં ૯૦,૬૯૦ ટન અને જસત-મિનીમાં રૂ.૧૧૨.૧૨ કરોડનાં ૧૨,૪૧૯ ટનના વેપાર થયા હતા. ઓપન ઈન્ટરેસ્ટ તાંબામાં ૪૯,૨૮૭ ટન, કલાઈમાં ૧ ટન, નિકલમાં ૩,૮૧૨.૨૫૦ ટન, એલ્યુમિનિયમમાં ૧૫,૦૧૦ ટન, સીસામાં ૪૧,૫૦૫ ટન, સીસું-મિનીમાં ૫,૬૫૪ ટન, જસતમાં ૪૧,૭૨૫ ટન અને જસત-મિનીમાં ૫,૮૮૪ ટનનો રહ્યો હતો.

એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલના દૂર ડિલિવરીના બે વાયદામાં અપવાદરૂપ ઘટાડા સિવાય અન્ય વાયદાઓમાં સુધારો ભાવમાં રહ્યો હતો. ક્રૂડ તેલનો ડિસેમ્બર વાયદો રૂ.૬ અને જાન્યુઆરી-૧૧નો વાયદો રૂ.૧૧ ઘટ્યા હતા, જ્યારે અન્ય વાયદાઓમાં બેરલદીઠ રૂ.૩થી રૂ.૯નો સુધારો રહ્યો હતો. નેચરલ ગેસ પણ એમએમબીટીયૂદીઠ રૂ.૨.૬૦થી રૂ.૪.૨૦ વધ્યું હતું. ક્રૂડ તેલમાં ૨૬,૦૯૯ સોદામાં રૂ.૨,૦૭૦.૩૩ કરોડનાં ૫૭,૦૭,૪૦૦ બેરલ્સ અને નેચરલ ગેસમાં ૩,૯૧૬ સોદામાં રૂ.૧૬૦.૫૩ કરોડનાં ૭૩,૧૩,૭૫૦ એમએમબીટીયૂનાં કામ સાથે ઓપન ઈન્ટરેસ્ટ ક્રૂડ તેલમાં ૨૭,૦૨,૮૦૦ બેરલ્સ અને નેચરલ ગેસમાં ૮૫,૬૩,૭૫૦ એમએમબીટીયૂનો હતો.

કૃષિચીજો, તેલ-તેલીબિયાં અને અન્ય ચીજોમાં રિફાઈન્ડ સોયાતેલનો ઓગસ્ટ વાયદો રૂ.૨.૨૫ વધી રૂ.૪૮૧.૯૫ અને સપ્ટેમ્બર વાયદો રૂ.૨.૪૦ વધી રૂ.૪૮૪.૯૫ બંધ રહ્યા હતા. સીપીઓના માત્ર ઓક્ટોબર વાયદામાં રૂ.૩ના ઘટાડાને બાદ કરતાં અન્ય વાયદાઓ રૂ.૧થી રૂ.૨.૨૦ વધ્યા હતા. સીપીઓનો જુલાઈ વાયદો રૂ.૨.૨૦ વધી રૂ.૩૯૨.૫૦ બંધ રહ્યો હતો. ચણા-દિલ્હીના ત્રણેય વાયદાઓ રૂ.૧થી રૂ.૨ સુધરીને બંધ થયા હતા. ચણા-દિલ્હીનો ઓગસ્ટ વાયદો રૂ.૧ વધી રૂ.૨,૨૬૯ બંધ હતો. એલચીના ચારેય વાયદાઓ રૂ.૩૭થી રૂ.૬૪ની રેન્જમાં ઘટ્યા હતા. એલચીનો ઓગસ્ટ વાયદો સૌથી વધુ રૂ.૬૪ ઘટી બંધમાં રૂ.૧,૫૩૬.૨૦ રહ્યો હતો. બટેટા-આગ્રાના ત્રણેય વાયદાઓ રૂ.૭.૬૦થી રૂ.૯.૫૦ વધ્યા હતા. ઓગસ્ટ વાયદો રૂ.૭.૬૦ વધી રૂ.૩૬૭.૯૦ રહ્યો હતો. મેન્થા તેલ રૂ.૩.૯૦થી રૂ.૪.૨૦ ઢીલું હતું. મેન્થા તેલનો જુલાઈ વાયદો રૂ.૩.૯૦ ઘટી રૂ.૬૯૨.૯૦ના ભાવ રહ્યા હતા. ગુવારસીડનો ઓગસ્ટ વાયદો રૂ.૩૭ ઘટી રૂ.૨,૨૮૨ અને સપ્ટેમ્બર વાયદો રૂ.૪૨ ઘટી રૂ.૨,૨૮૬ બંધ રહ્યા હતા. મકાઈનો ઓગસ્ટ વાયદો રૂ.૧૦.૫૦ અને ઓક્ટોબર રૂ.૩ ઘટવા સામે સપ્ટેમ્બર વાયદો રૂ.૨૮ વધી બંધમાં રૂ.૧,૧૫૩.૫૦ રહ્યો હતો. બદામનો સપ્ટેમ્બર વાયદો રૂ.૧.૭૫ની ભાવવૃદ્ધિ સાથે રૂ.૩૨૯.૭૫ના ભાવ બંધમાં રહ્યા હતા. જવના પાંચ વાયદામાંથી ત્રણ ઘટ્યા હતા, જ્યારે બેમાં સુધારો હતો. ભાવમાં ઘટાડાની રેન્જ ૪૦ પૈસાથી રૂ.૫ અને સુધારાની રેન્જ ૨૦ પૈસાથી રૂ.૫.૨૦ની હતી. ઓગસ્ટ વાયદો રૂ.૫ ઘટી રૂ.૧,૧૩૨.૬૦ બંધ રહ્યો હતો, જ્યારે ડિસેમ્બર વાયદો રૂ.૫.૨૦ વધી રૂ.૧,૨૭૯.૮૦ના સ્તરે બંધમાં રહ્યો હતો. રિફાઈન્ડ સોયાતેલમાં રૂ.૨૧.૦૮ કરોડનાં ૪,૩૮૦ ટન, સીપીઓમાં રૂ.૨૯.૧૭ કરોડનાં ૭,૫૨૦ ટન, ચણા-દિલ્હીમાં રૂ.૩.૯૫ કરોડનાં ૧,૭૪૦ ટન, એલચીમાં રૂ.૧૮.૮૦ કરોડનાં ૧૨૯ ટન, બટેટા-આગ્રામાં રૂ.૧૧૫.૪૨ કરોડનાં ૩,૧૬,૫૯૦ ટન, મેન્થા તેલમાં રૂ.૯૫.૩૯ કરોડનાં ૧,૩૩૪ ટન, ગુવારસીડમાં રૂ.૮૬ લાખનાં ૩૮૦ ટન, મકાઈમાં રૂ.૧.૭૧ કરોડનાં ૧,૫૫૦ ટન, બદામમાં ૧ ટન અને જવમાં રૂ.૪૧.૯૮ કરોડનાં ૩૬,૨૪૦ ટનના વેપાર થયા હતા.

કોમડેક્સ ૧૦.૮૪ પોઈન્ટ વધી ૨૭૨૮.૩૬ બંધ રહ્યો હતો. વિભાગીય આંકોમાં મેટલ ઈન્ડેક્સ ૧૦.૭૩ પોઈન્ટ વધી ૩૨૯૩.૦૧, એનર્જી ઈન્ડેક્સ ૧૩.૯૩ પોઈન્ટ વધી ૨૬૬૧.૫૮ અને એગ્રી ઈન્ડેક્સ ૭.૦૫ પોઈન્ટ વધી ૨૨૭૮.૨૮ બંધ રહ્યા હતા.

દાવાત્યાગ : આ રિપોર્ટ ફક્ત સામાન્ય જાણકારી આપવાના ઉદ્દેશથી બનાવાયો છે, જોકે એક્સચેન્જે વાસ્તવિક જાણકારી આપવાનો દરેક શક્ય પ્રયાસ કર્યો છે. આ રિપોર્ટ એ શરતે ઉપલબ્ધ છે કે આમાં રહેલી કોઈ ભૂલચૂકને દાવા, માગ કે કાનૂની કાર્યવાહી માટે આધાર બનાવી શકાશે નહી. * ટર્નઓવરનો આંકડો ગઈકાલ રાતના અને આજના દિવસના સત્રનો સંયુક્ત છે.

MCX
મેટલ અને એનર્જી
વિશ્વાસ સાથે વેપાર

## એમસીએક્સના વાયદાના ભાવ

| કોમોડિટી | પાકતી તારીખ | ખૂલી | વધી | ઘટી | બંધ | વધઘટ |
|---|---|---|---|---|---|---|
| ગોલ્ડ-ગિની | ૩૧-૦૭-૧૦ | ૧૪૧૮૧.૦૦ | ૧૪૨૫૪.૦૦ | ૧૪૧૧૨.૦૦ | ૧૪૧૯૦.૦૦ | -૨૪.૦૦ |
| સોનું-મિની | ૦૫-૦૮-૧૦ | ૧૭૭૮૦.૦૦ | ૧૭૮૧૫.૦૦ | ૧૭૭૧૦.૦૦ | ૧૭૭૭૫.૦૦ | -૨.૦૦ |
| સોનું | ૦૫-૦૮-૧૦ | ૧૭૭૭૫.૦૦ | ૧૭૭૯૧.૦૦ | ૧૭૭૦૫.૦૦ | ૧૭૭૬૫.૦૦ | ૧૧.૦૦ |
| ચાંદી-મિની | ૩૧-૦૮-૧૦ | ૨૮૪૬૪.૦૦ | ૨૮૪૮૧.૦૦ | ૨૮૩૧૨.૦૦ | ૨૮૩૭૫.૦૦ | -૮૯.૦૦ |
| ચાંદી | ૦૪-૦૯-૧૦ | ૨૮૪૫૨.૦૦ | ૨૮૪૭૭.૦૦ | ૨૮૩૨૦.૦૦ | ૨૮૩૭૪.૦૦ | -૮૪.૦૦ |
| તાંબુ | ૩૧-૦૮-૧૦ | ૩૩૧.૬૫ | ૩૩૫.૮૦ | ૩૩૧.૨૫ | ૩૩૪.૬૦ | ૩.૨૦ |
| નિકલ | ૩૦-૦૭-૧૦ | ૯૬૪.૦૦ | ૯૭૧.૦૦ | ૯૫૧.૭૦ | ૯૫૬.૦૦ | -૨.૦૦ |
| એલ્યુમિનિયમ | ૩૦-૦૭-૧૦ | ૯૫.૬૦ | ૯૬.૪૦ | ૯૫.૪૫ | ૯૬.૦૦ | ૦.૫૫ |
| સીસું | ૩૦-૦૭-૧૦ | ૯૧.૭૦ | ૯૨.૭૫ | ૯૧.૫૫ | ૯૨.૧૦ | ૦.૮૫ |
| સીસું-મિની | ૩૦-૦૭-૧૦ | ૯૧.૫૦ | ૯૨.૭૫ | ૯૧.૫૦ | ૯૨.૧૦ | ૦.૮૫ |
| જસત | ૩૦-૦૭-૧૦ | ૮૯.૧૫ | ૯૦.૬૦ | ૮૯.૧૫ | ૯૦.૦૦ | ૧.૫૦ |
| જસત-મિની | ૩૦-૦૭-૧૦ | ૮૯.૦૦ | ૯૦.૬૦ | ૮૯.૦૦ | ૮૯.૯૫ | ૧.૪૫ |
| ક્રૂડ તેલ | ૧૯-૦૮-૧૦ | ૩૬૨૨.૦૦ | ૩૬૩૮.૦૦ | ૩૬૧૪.૦૦ | ૩૬૨૭.૦૦ | ૩.૦૦ |
| નેચરલ ગેસ | ૨૬-૦૮-૧૦ | ૨૧૮.૩૦ | ૨૨૦.૮૦ | ૨૧૮.૩૦ | ૨૨૦.૩૦ | ૩.૨૦ |
| રિફા. સોયા તેલ | ૧૪-૦૮-૧૦ | ૪૭૯.૦૦ | ૪૮૨.૨૦ | ૪૭૮.૫૫ | ૪૮૧.૯૫ | ૨.૨૫ |
| સીપીઓ | ૩૧-૦૭-૧૦ | ૩૮૯.૮૦ | ૩૯૩.૧૦ | ૩૮૯.૮૦ | ૩૯૨.૫૦ | ૨.૨૦ |
| ચણા-દિલ્હી | ૨૦-૦૮-૧૦ | ૨૨૪૫.૦૦ | ૨૨૭૩.૦૦ | ૨૨૪૫.૦૦ | ૨૨૬૯.૦૦ | ૧.૦૦ |
| એલચી | ૧૪-૦૮-૧૦ | ૧૫૭૧.૦૦ | ૧૫૭૯.૦૦ | ૧૫૩૬.૨૦ | ૧૫૩૬.૨૦ | -૬૪.૦૦ |
| બટેટા-આગ્રા | ૧૪-૦૮-૧૦ | ૩૪૯.૭૦ | ૩૭૪.૭૦ | ૩૪૫.૯૦ | ૩૬૭.૯૦ | ૭.૬૦ |
| મેન્થા તેલ | ૩૧-૦૭-૧૦ | ૬૯૭.૦૦ | ૬૯૭.૧૦ | ૬૮૫.૦૦ | ૬૯૨.૯૦ | -૩.૯૦ |
| ગુવારસીડ | ૨૦-૦૮-૧૦ | ૨૩૧૦.૦૦ | ૨૩૧૦.૦૦ | ૨૨૪૯.૦૦ | ૨૨૮૨.૦૦ | -૩૭.૦૦ |
| મકાઈ | ૨૦-૦૮-૧૦ | ૧૧૨૬.૫૦ | ૧૧૨૯.૦૦ | ૧૧૧૦.૦૦ | ૧૧૧૪.૦૦ | -૧૦.૫૦ |
| બદામ | ૩૦-૦૯-૧૦ | ૩૨૯.૭૫ | ૩૨૯.૭૫ | ૩૨૯.૭૫ | ૩૨૯.૭૫ | ૧.૭૫ |
| જવ | ૨૦-૦૮-૧૦ | ૧૧૪૨.૦૦ | ૧૧૪૯.૦૦ | ૧૧૨૯.૦૦ | ૧૧૩૨.૬૦ | -૫.૦૦ |

દાવાત્યાગ : આ રિપોર્ટ/ભાવકોપી ફક્ત સામાન્ય જાણકારી આપવાના ઉદ્દેશથી બનાવાયો છે, જોકે એક્સચેન્જે વાસ્તવિક જાણકારી આપવાનો દરેક શક્ય પ્રયાસ કર્યો છે. આ રિપોર્ટ એ શરતે ઉપલબ્ધ છે કે આમાં રહેલી કોઈ ભૂલચૂકને દાવા, માગ કે કાનૂની કાર્યવાહી માટે આધાર બનાવી શકાશે નહી. * ટર્નઓવરનો આંકડો ગઈકાલ રાતના અને આજના દિવસના સત્રનો સંયુક્ત છે.